શ્રદ્ધાંજલિ

## હાસ્યલેખક બાબુભાઈ વ્યાસ

આપણા મંડળના ઠીક ઠીક શરૂઆતના સભ્ય (ક્રમાંક 91) બાબુભાઈ વ્યાસ 16 ડિસેમ્બર, 2012થી આપણી સાથે નથી. 18 ઓગસ્ટ 1925ને દિવસે ભાવનગરના વલ્લભીપુર નજીકના ઉમરાળા ગામે જન્મેલા બાબુભાઈના પિતાજી જટાશંકર વ્યાસ ભાવનગર રાજ્યના મોજણીદાર હતા. મહુવા અને ભાવનગરમાં ભણીને સામળદાસ કોલેજમાંથી વિજ્ઞાનસ્નાતક બનેલા બાબુભાઈએ આણંદ જઈને ખેતી નિષ્ણાતની ડિગ્રી મેળવેલી અને કેટલોક સમય રાજ્યના ખેતીવાડી ખાતામાં કામ કર્યું. પરંતુ મૂળે સાહિત્યનો જીવ. નાનપણથી જ નાટક લખેલાં અને ભજવેલાં. જડસુ જેવી સરકારી નોકરી ન ગમી અને રાજીનામું ધરી દીધું.

ત્યારે અમદાવાદમાં એમના ભાણેજ પ્રા. સુરેશ શુક્લે ટ્યુશન ક્લાસ શરૂ કરેલો. બાબુભાઈ એમાં જોડાયા. આગળ જતાં સુરેશભાઈએ શાળા અને કોલેજ પણ શરૂ કરી. બાબુભાઈએ કામ કરતાં કરતાં ભણીને પ્રોફેસર બનવાની લાયકાત મેળવી લીધી.

બાબુભાઈ વ્યાસ મૂળથી જ હસવા-હસાવવામાં માહેર. એટલે હાસ્યલેખો લખવા લાગ્યા. નવલિકાઓ પણ શરૂ કરી. ગુજરાતી અખબારોમાં પૂર્તિ-યુગ શરૂ થતાં, ‘સંદેશ’માં ‘એક ડાહ્યાની દોઢ ડાયરી’ નામે હાસ્ય-કટાક્ષનો સ્તંભ એમણે લખવા માંડ્યું. ઉપનામ ‘પ્રોફેસર ડાહ્યાલાલ’ રાખ્યું. ‘સંદેશ’ વાંચનાર ઘરોમાં આ સ્તંભના પાત્રો મહાકાય મસ્તલાલ, રતુભાઈ હોટેલવાળા, વૈદ્યરાજ લવણ ભાસ્કર, કનકગઢના બાપુ કનકસિંહ, આદુવાળી ચા પીરસતાં પ્રો. ડાહ્યાલાલનાં પત્ની, ખારેકડી, ભનકો વગેરે પરિવાર જેટલાં પરિચિત છે. આ સ્તંભમાંથી અને નવલિકાઓમાંથી ચયન કરીને સંગ્રહો પણ પ્રગટ કરવામાં આવેલા.

- યશવન્ત મહેતા (માહિતી સૌજન્ય : નરહરિ વ્યાસ)

## સદાય સેવા-તત્પર રોહિત કોઠારી

રોહિત જયંતભાઈ કોઠારી (જન્મ : 15 જુલાઈ, 1959)ને મેં પહેલા જોયા અને કિંચિત્ જાણ્યા 1980ને અંતે ગુજરાતી સાહિત્ય પરિષદના હૈદરાબાદ અધિવેશન વેળા. એ વખતે એમના પિતાજી પ્રા. જયંત કોઠારી અને અન્યોની શુભેચ્છાથી દસ દિવસોનો પ્રવાસ યોજાયો હતો. હૈદરાબાદ ઉપરાંત સાપુતારા, નાસિક, શિરડી, અજંટા-ઈલોરા, કૃષ્ણરાજ સાગર, શિવાજીના કિલ્લાનો વગેરેની મુલાકાતનો પણ એ પ્રવાસમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. એ સમગ્ર પ્રવાસ દરમિયાન ત્રણ જણની અથાક, તત્પર અને સર્વાશ્લેષી સેવા ભાવનાનો પરિચય થયો હતો. એ ત્રણ તે રમેશ ર. દવે, રમેશ ભટ્ટ અને રોહિત કોઠારી. જયંતભાઈ જેવા વિદ્વાનનો સુપુત્ર રોહિત જીવન-વિદ્વાન જણાયો હતો.

1990થી આખર સુધી એમને વધારે નિકટથી નિહાળવાનો અવકાશ મળ્યો, કારણ કે એ ગુર્જર સાહિત્ય પરિવારના શારદા મુદ્રણાલયના સંચાલક બન્યા. નવી સદીને આરંભે શારદાનું કાર્યસ્થળ અમદાવાદના પંચવટી વિસ્તારમાં આવ્યું. મને અને કેટલાક મિત્રોએ દર બુધવારે શારદામાં બેઠક જમાવવાનું શરૂ કર્યું. તે પછી તો રોહિતભાઈનો નિકટ જ નહિ આત્મીય પરિચય થયો. નવમા દાયકાની એ જ સેવા-તત્પરતાની સાથે મુદ્રણકળાના સર્વાંગી અનુભવની પાકટતા અને પ્રૌઢ વય સાથે આવેલી ઉદારતાનો સતત અનુભવ થતો રહ્યો - આ લખનારને જ નહિ, એમના પરિચયમાં આવનાર સૌને.

ગુજરાતી લેખક મંડળમાં એ આજીવન સભ્ય બન્યા હતા (ક્રમાંક 365). તે લેખકને નાતે નહિ, પરંતુ જયંત કોઠારીના સાહિત્યના કોપીરાઈટ-ધારક તરીકે. આ રીતે



મંડળના આત્મીય સભ્ય બન્યા પછી એ સતત મદદરૂપ બન્યા. મંડળના સભ્યોને મુદ્રણકાર્ય સંબંધી માર્ગદર્શન આપ્યું. કેટલાંક વર્ષ મંડળની સંપર્ક પુસ્તિકા ‘લેખક અને લેખન’ છાપી આપતા રહ્યા. સભ્યયાદીઓ જાળવવામાં મદદ કરતા રહ્યા.

15મી જાન્યુઆરી, 2012ને દિવસે માત્ર 52 વર્ષની વયે રોહિતભાઈનું અવસાન થતાં ઘણાં ઘણાં સ્થાનોમાં અને હૃદયોમાં ખાલીપો સર્જાયો, લેખક મંડળ સહિત.

- યશવન્ત મહેતા

## તુષાર ભટ્ટ : પત્રકાર પિતાના પત્રકાર પુત્રનું અવસાન

લેખક - પત્રકાર તુષાર ભટ્ટ (જન્મ: 7 જાન્યુઆરી 1942, એંધલ - નવસારી જિલ્લો)નું 30મી માર્ચ 2012ના રોજ અમદાવાદ ખાતે અવસાન થયું છે. તેઓ છેલ્લા એક - સવા વર્ષથી ગંભીર માંદગીથી પીડાતા હતા. પત્રકાર પિતા શંકરલાલ ભટ્ટના પુત્ર તુષારભાઈ સક્રિય પત્રકારત્વના અંતિમ વર્ષોમાં અમદાવાદથી પ્રકાશિત થતા અંગ્રેજી દૈનિક ‘ધ ટાઈમ્સ ઓફ ઇન્ડિયા’ (ગુજરાતી આવૃત્તિ સહિત) અને આર્થિક જગતના અખબાર ‘ધ ઇકોનોમિક ટાઇમ્સ’ના તંત્રી હતા. આ દૈનિકોના તેઓ છેલ્લા તંત્રી હતા એમ પણ કહી શકાય કેમ કે તેમના અનુગામી તંત્રીઓ હવે ‘બિઝનેસ હેડ’ કે ‘માર્કેટિંગ હેડ’ જેવા વધુ રૂપાળા હોદ્દાઓથી ઓળખાય છે.

અંગ્રેજી દૈનિક ‘ધ હિન્દુ’થી પત્રકારત્વની કારકિર્દી શરૂ કરનાર તુષારભાઈ વિવિધ તબક્કે સમાચાર સંસ્થા યુએનઆઇ ઉપરાંત ધ સન્ડે, ધ બિઝનેસ સ્ટાન્ડર્ડ, ધ ટેલિગ્રાફ જેવા અંગ્રેજી દૈનિકો સાથે જોડાયેલા રહ્યા હતા. ટાઈમ્સ ગ્રૂપમાંથી વયનિવૃત્ત થયા બાદ તેઓએ સાપ્તાહિક ગુજરાતી અખબાર ‘ગુજરાત ટાઈમ્સ’નું તંત્રીપદ સંભાળ્યું હતું જે અખબાર આજે પણ અમેરિકા - કેનેડાથી પ્રકાશિત થાય છે.

સક્રિય પત્રકારત્વમાંથી નિવૃત્તિ બાદ તુષારભાઈએ બે પુસ્તકો લખ્યા. અંગ્રેજીમાં ‘Sketches in the Sand’ (પ્રકાશન વર્ષ : 1997) અને ગુજરાતીમાં ‘રેતીમાં રેખાચિત્રો’ (પ્રકાશન વર્ષ : 2003). તેમની પેઢીના લેખકો - પત્રકારો માટે ‘આઠમી અજાયબી’ કહેવાય તેવી બ્લોગ લેખન પ્રવૃત્તિમાં પણ તુષાર ભટ્ટ સક્રિય હતા. એક નહીં બે બ્લોગ. વાંચવા ઇચ્છતા સૌ કોઈ માટે આ રહી લિન્ક -

http://tusharbhattsgujarat.blogspot.in

http://tusharbhatt.wordpress.com

તુષારભાઈનો આ ફોટો મેં શનિવાર, 14 એપ્રિલ 2007ના રોજ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે પાડ્યો હતો. ફેડરેશન ઓફ ઇન્ડિયન પબ્લિશર્સ અને ગુજરાત પ્રકાશક મંડળ આયોજિત પશ્ચિમ ક્ષેત્રના ભારતીય પ્રકાશકોના આઠમા રાષ્ટ્રીય અધિવેશનની બે દિવસીય ચર્ચામાં તેઓ પ્રકાશકોની વાત સાંભળવા આવ્યા હતા. ઓકટોબર 2011થી તેઓ ગુજરાતી લેખક મંડળ સાથે આજીવન સભ્યપદના નાતે જોડાયેલા હતા.

-બિનીત મોદી

## ભોળાભાઈ પટેલ

ગુજરાતી ભાષાના જાણીતા નિબંધકાર, વિવેચક, સંપાદક અને અનુવાદક એવા ગુજરાતી લેખક મંડળના આજીવન સભ્ય ભોળાભાઈ પટેલનું તા.20મી મે, 2012ના રોજ 78 વર્ષની વયે દુઃખદ અવસાન થયું. ભોળાભાઈ સાહિત્ય પરિષદના પ્રમુખ હતા. પ્રમુખપદે હોઈ અને દેહ છોડ્યો હોય એવા બકુલ ત્રિપાઠી પછીના આ બીજા સાહિત્યકાર.

ભોળાભાઈ આમ તો હિન્દીના પ્રાધ્યાપક. છેલ્લે ગુજરાત યુનિવર્સિટીના હિન્દી વિભાગના અધ્યક્ષપદેથી નિવૃત થયેલા. રાષ્ટ્રભાષા હિન્દી ઉપરાંત સંસ્કૃત, બંગાળી, ઉડિયા, અસમિયા જેવી ભારતીય ભાષાઓ સાથે જર્મન જેવી વિદેશી ભાષા પણ શીખ્યા હતા.

ભારત સરકારે પદ્મશ્રી અર્પણ કરીને સન્માન્યા એ પૂર્વે સાહિત્ય અકાદમી એવોર્ડ, રણજિતરામ સુવર્ણ ચંદ્રક, દર્શક સન્માન, અકાદમી ફેલોશિપ, ગુજરાત સાહિત્ય અકાદમીનો ગૌરવ પુરસ્કાર જેવાં સન્માનો તેમને મળી ચૂક્યાં હતાં.